**Class: X**
Gujarati
Sample Question Paper

**Code No. 9**

- આ પ્રશ્નપત્રમાં કુલ 7 પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં કુલ 5 પ્રશ્નો છે તે તપાસી લેવું.
- પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. (10-15 થી 10-30)
- વાંચવાના સમય દરમિયાન કોઈપણ વિદ્યાર્થી ઉત્તર લખી શકશે નહીં.
- **Please check that this question paper contains 7printed pages.**
- **Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.**
- **Please check that this question paper contains 5 questions.**
- **Please write down the serial number of the question before attempting it.**
- **15 minute time has been allotted to read this question paper (10-15 to 10-30)**
- **Students will not write any answer on the answer-book during this period.**

# ગુજરાતી

## ધોરણ-X (010)

સમય – 3 કલાક | કુલ ગુણ :80

Time: 3 hrs. | M.M. – 80

**Section A - Advanced Reading Skill**

પ્ર.૧ નીચે આપેલો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના જવાબ તમારા શબ્દોમાં લખો. (5)

[અ]

શૈશવકાળ જગતની રંગભૂમિ પરનો જીવનના ત્રિઅંકી નાટકનો પ્રથમ અંક છે. અને એનું આછું પાતળું સ્મરણ થતાં આંખનો ખૂણો ભીનો થઈ જાય છે. બાળપણમાં કમળની પાંખડી જેવા મુલાયમ ગાલ પર માના સ્નેહભીના ચુંબનનો અભિષેક હજુ પણ યાદ આવી જાય છે. નિશાળે જવાનું કડવું ઝેર જેવું લાગે. રોજ શાળાનો સમય થાય અને શરીરનાં યંત્રોમાં અચાનક કોઈ બગાડ થાય. કેવું ભોળપણ , વડીલો

www.careerindia.com

CAREERINDIA

ક્યારેક માની પણ જાય. સાંજે ગામના પાદરે જઈ લખોટીની રમતો , ગિલ્લીદંડા કે પછી ગેડીદડાની રમતો રમાય. દિવસ આથમી જાય ત્યાં સુધી રમતો પૂરી ન થાય. દીવાબત્તી ટાણું થાય ત્યારે વિશ્વનાથ મહાદેવના મંદિરની ઝાલર વાગે અને મા શોધતી શોધતી આવી ચડે, કાનપટ્ટી પકડીને ઘરે લઈ જાય. તે સ્નેહભીની માની બૂમ હજુ પણ યાદ આવે છે. હોળીના દિવસોમાં ગાંડીતૂર રંગલીલા માણવામાં , લાકડાં ચોરવામાં અને ઉત્તરાયણ પર પતંગોના પેચ અને માંજાની લૂંટાલૂંટમાં અમે હાજર હોઈએ જ.

ક. 'ત્રિઅંકી' એટલે શું?

(અ) ત્રણ અંકવાળું (બ) ત્રણ વિભાગવાળું (ક) ત્રણ આંકડા સાથે જોડાયેલુ

ખ. સાંજે કઈ રમતો રમાય ?

(અ) અંતાક્ષરી (બ) ક્રિકેટ અને સંતાકૂકડી(ક) ગિલ્લીદંડા અને ગેડીદડા

ગ. હોળીના દિવસો કેવી રીતે મનાવાય ?

(અ) રાસલીલા કરવામાં (બ) રંગલીલામાં (ક) ધ્યાન કરવામાં

ઘ. બાળપણમાં બાળકોના ગલ કેવા હોય છે?

(અ) ગુલાબની પાંખડી જેવા (બ) કમળની પાંખડી જેવા (ક) ગલગોટા જેવા

ચ. બાળકોને નિશાળે જવાનું કેવું લાગે?

(અ) મીઠું મધ જેવું(બ) કડવાં કારેલાં જેવું (ક) કડવું ઝેર જેવુ

**પ્ર.૧ <u>નીચે આપેલો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના જવાબ તમારા શબ્દોમાં લખો.</u>** **(5)**

**[આ]**

પ્રાચીન તપોવનો વિવિધ આશ્રમોથી ભર પૂર હતા. કેટલાક આશ્રમોમાં એક-બે શિષ્યોને અધ્યયન કરાવતા, વળી સાંદીપનીઋષિના જેવા બીજાં કેટલાક આશ્રમોમાં એક પ્રસિધ્ધ વિદ્યાગુરુની આસપાસ અનેક વિદ્યાર્થીઓ એકઠાં થતાં. આ બંને પ્રકારોમાં ગૃહનું જ વાતાવરણ પ્રવતતું હતું. આ શિક્ષણકાળ દરમિયાન વિદ્યાર્થીઓ ગુરુના ઘરમાં વસતા ,કાષ્ટસંચય કરતાં ,ગાયો ચરાવતાં, ભિક્ષા માગતા અને ગૃહકાર્ય કરતાં અને તેમના ચરણે બેસીને વિનય અને ભાવપૂર્વક જ્ઞાન ગ્રહણ કરતાં હતા. આ ગુરુઓને એમના શિક્ષણ કાર્યમાં વડા વિ દ્યાર્થીઓ ગુરુને યોગ્ય ભેટ આપતા. એ પોતાના ગામ કે શહેરમાં પાછા ફરતાં. શિક્ષણના સમાપ્તિકાળે વિ દ્યાર્થી દેશમાં પર્યટન કરતો અને ગુરુ પાસે પ્રાપ્ત કરેલી વિદ્યા અનુભવની કસોટીએ ચઢાવતો હતો.

(ક) પ્રાચીન તપોવનો શેનાથી ભરેલાં હતાં ?

(ખ) ક્યા ઋષિ પાસે અનેક શિષ્યો અભ્યાસ અર્થે આવતાં હતાં ?

(ગ) વિદ્યાર્થીઓ શિક્ષણકાળ દરમિયાન કઈ કઈ પ્રવૃતિઓ કરતાં હતાં ?



www.careerindia.com

CAREERINDIA

(ઘ) શિષ્યો જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કઈ કસોટીથી પસાર થતાં હતાં ?

(ચ) 'પર્યટન કરવું' એટલે શું ?

[છ] **નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો.** (5)

ઘણું બધું છે આ દુનિયામાં, લેવા જેવું ને દેવા જેવું
પડે દુઃખ તો તપવા જેવું, મળે સુખ તો વરસવા જેવું
થયા તમે જો ઉડતા પંખી, મળતું ગગન ઉડવા જેવું
બંધ કર્યા મનના દરવાજા, તો ખૂણે બેસી રડવાજેવું..
ઘણું બધું છે આ દુનિયામાં..

ડુંગર જેવા થાઓ સજ્જન, સંસારે એ સરવાળા જેવું
દુર્જનતા દુર્ગણોની ખીણો, જીવન જાણે બાદબાકી જેવું
કુદરતનાં પણ બબ્બે રૂપો, વાદળ વરસે અમૃત જેવું
રૂઠે પ્રકૃતિ તાંડવ કરતી, લાગતું કડવું ઝેર જેવું...
ઘણું બધું છે આ દુનિયામાં..

પ્રેમ ને કરૂણા જો હૈયે હોઠે,વડલા કેરી છાયા જેવું
પ્રગટે હિંસા નફરત હૈયે, સૂકા તપતા રણ જેવું
ઘણુંબધુંછેઆદુનિયામાં

(ક) આપણે ખૂણે બેસી ક્યારે રડવું પડે છે?

(અ) પંખીની જેમ ઉડીએ ત્યારે (બ)મનના દરવાજા બંધ કરીએ ત્યારે (ક)સુખ વરસાવીએ ત્યારે

(ખ) આપણે કોના જેવું સજ્જન થવું જોઈએ?

(અ૧) સાધુ જેવું (બ) મહાત્મા જેવું (ક) ડુંગર જેવું

(ગ) પ્રકૃતિ કડવી ઝેર જેવી ક્યારે લાગે છે ?

(અ) રૂઠે ત્યારે (બ) અમૃત વરસાવે ત્યારે (ક) દુકાળ પડે ત્યારે

(ઘ) જીવન વડલાની છાંયા જેવું ક્યારે લાગે છે?

(અ) હોઠ પર ગુસ્સો હોય ત્યારે (બ) મુખ પર મુસ્કાન હોય ત્યારે (ક) હોઠ પર પ્રેમ અને કરુણા હોય

www.careerindia.com

CAREERINDIA

ત્યારે

**(ચ)** હિંસા અને નફરત જીવનને કેવું બનાવે છે ?

(અ) આનંદદાયક (બ) તપતા રણ જેવું (ક) વડલાની છાંયા જેવું

**[ઈ]** **નીચેનું કાવ્ય વાંચી, સમજી આપેલા પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો.** (5)

જો બચી શકે, તો તે જ બચશે
આપણા બધામાંથી થોડોક અમથો માણસ.
જે રોફ સામે નથી કરગરતો,
પોતાનાં સંતાનોના માર્કસ વધારવા નથી જતો માસ્તરોના ઘેર,
જે રસ્તે પડેલા ઘાયલને બધાં કામ છોડી સહુથી
પહેલાં હોસ્પિટલે પહોંચાડવાની સંભાળ લે છે.
જે પોતાની હાજરીમાં થયેલા હુમલાની જુબાની આપતાં
નથી અચકાતોતે જ થોડોક અમથો માણસ.
જે વૃદ્ધો પાસે બેસતાં નથી કંટાળતો,
જે પોતાના ઘરને ગોદામ બનતાં બચાવે છે
આ દુનિયાને નરક બનાવી દેવા માટે બીજાને
નથી ભાંડતો તે જ થોડોક અમથો માણસ
જેને ખબર છે કે
વૃક્ષ પોતાની પાંદડીઓથી ગાય છે રાતદિવસ એક લીલું ગીત
આકાશ લખે છે નક્ષત્રોના ઝગમગાટમાં એક દિપ્ત વાક્ય
આંગણામાં વિખેરી જાય છે એક અજ્ઞાત વ્યાકરણ
તે જ થોડોક અમથો માણસ
જો બચી શકે તો તે જ બચશે.

**(ક)** રસ્તામાં ઘાયલ પડેલા માણસ માટે સૌથી પહેલા શું કરવું જોઈએ?

**(ખ)** વૃક્ષ પોતાની પાંદડીઓથી શું કરે છે ?

**(ગ)** થોડોક અમથો માણસ શું કરતાં અચકાતો નથી?

**(ઘ)** થોડોક અમથો માણસ કોની સાથે બેસતા નથી કંટાળતો?

**(ચ)** આકાશ ક્યાં અને શું લખે છે?

## Section B –( Effective WritingSkill)

**પ્ર.૨[અ]** **નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** (8)

(ક) સૌના માનીતા પ્રધાનમંત્રી (ખ) જો મને ભગવાન મળી જાય તો....

www.careerindia.com

CAREERINDIA

(ગ) જીવનમાં પ્રકૃતિનું મહત્ત્વ (ઘ) દરિયા કિનારે એક સાંજ

[આ] **નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો.** (6)

ચાર ચોર----- નગરશેઠને ઘેર ચોરી કરવી------ જંગલમાં નાસી જવું---- બે ચોરનું મીઠાઈ ખરીદવા શહેરમાં જવું----- મીઠાઈમાં ઝેર ભેળવવું------ બીજા બે ચોરની પણ દાનત બગડવી----- મીઠાઈ ખરીદીને આવેલા બે ચોરને કૂવામાં ફેંકવા----- મીઠાઈ ખાવી-----ઝેર ચડવું----મરણ----- બોધ.

[ઇ] ઉનાળાની રજામાં ટ્રેકીંગ કેમ્પમાં જવા માટેની પરવાનગી માગતો પત્ર તમારા પિતાને લખો. (6)

***અથવા***

ચોમાસાને લીધે શહેરના રસ્તામાં પડેલા ખાડાઓની સમસ્યા દૂર કરવા મહાનગર સેવા સદનને પત્ર લખો.

[ઈ] 'જીવનમાં રમતનું મહત્ત્વ' વિષય પર આશરે 100 શબ્દોમાં આર્ટીકલ લખો. (5)

**અથવા**

'પાણી બચાવો'પર સચિત્ર જાહેરાત બનાવો.

પ્ર.3

## Section C – Applied Grammar

[અ] **નીચેનામાંથી રૂઢિ પ્રયોગોના અર્થ લખી વાક્ય બનાવો . (કોઈપણ ત્રણ)** (3)

(1) જીવમાં જીવ આવવો (2) રસ્તો કાઢવો (3) ગળગળું થઈ જવું (4) આંખ ન ઉઘડવી

[આ] **નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. (કોઈપણ બે)** (2)

(1) અત્યંત (2) પરીક્ષા (3) દુરાચાર

[ઇ] **નીચે આપેલા શબ્દો માટે બે-બે સમાનાર્થી શબ્દો લખો. (કોઈપણ ત્રણ)** (3)

(1) ઘોડો (2) પ્રશંસા (3) કષ્ટ (4) ડુંગર

[ઈ] **સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો.** (2)

કોઈપણ ક્ષેત્રે સોપાનો સર કરવાનું કામ સહેલું નથી. (વિધિ વાક્ય)

કસરત કરવાથી મને ફાયદો થયો. (નિષેધ વાક્ય)

[ઉ] **નીચેના વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારી ફરી લખો.** (2)

સુરજ સવાડે ઊગે છે.

મને બધી ભાશા આવડતો નથી.

[ઊ] **સૂચના મુજબ કાળ પરિવર્તન કરો.** (3)

બલાઈએ તેની કાકીને પત્ર લખ્યો ( ભવિષ્યકાળ)

સીમા ટેબલ-ટેનિસ રમવા ગઈ હતી. (વર્તમાનકાળ)

www.careerindia.com

CAREERINDIA

અમે બધાં તમારી સાથે જ છીએ. (ભૂતકાળ)

[એ] **<u>સૂચના પ્રમાણે કરો.</u>** (2)

દુનિયામાં સારા માણસોની ખૂબ જરૂર છે. ( અનુગ શોધીને લખો.)

હું થોડા દિવસ માટે મુંબઈ જવાની છું. (નામયોગી શોધીને લખો.)

[ઐ] **<u>નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ત્રણ)</u>** (3)

(1) ઘૂમરી લઈ વાતો ભારે પવન (2) પાણીમાં ઉત્પન્ન થતાં વલયો (3) જાણવાની ઇચ્છા

(4) વૃંદાથી ભરેલું વન

## Section D
## Literature -Text Book

પ્ર.૪ **<u>નીચે આપેલો ગદ્યાંશ વાંચી આપેલા પ્રશ્નોના જવાબ એક-એક વાક્યમાં લખો.</u>** (2)

[અ]

પશ્ચિમના ઝરૂખા પાસે એક પલંગમાં આઠ વર્ષનો દીપક તાવથી ધગધગે છે. એના માથા ઉપર અડધા કપાળને ઢાંકી દેતો સફેદ પાટો બાંધ્યો છે. પાટામાં લોહીના ડાઘ છે. વચલા ઉઘાડા ભાગમાંથી અને કાનની આસપાસથી એના લાંબા સોનેરી વાળની લટો ડોકિયા કરે છે. દીપકની માતા મેના દીપકના ઓશિકા પાસે તેના બીડાયેલા પોપચાં સામે તાકતી નીચી દૃષ્ટિએ મ્લાન વદને બેઠી છે. દીપકની નવ વર્ષની બહેન ઊર્મિ ઓશીકાની બીજી બાજુએ લપાઈને ઊભી છે અને ભાઈના મોઢા તરફ એકીટશે જોઈ રહી છે. આસપાસ ખુરશીઓ પર દીપકના પિતા અમલ દેરાસરી , ડૉક્ટર, પોલીસ ઉપરી નંદરાય અને અન્ય લોકો વ્યાકુળ ચિત્તે બેઠા છે.

(ક) દીપકના માતા-પિતાનું નામ શું હતું?

(ખ) ઊર્મિ શું કરી રહી હતી ?

[આ] **<u>નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ થી ચાર વાક્યોમાં લખો.(કોઈપણ બે )</u>** (4)

(ક) મજૂરો ઘાસ કાપવા આવતાં ત્યારે બલાઈ અને કાકી વચ્ચે શી વાત થતી ?

(ખ) સિક્યોરિટી ઑફિસરે લેખક અને તેમના મિત્રોને શું સમજાવ્યું?

(ગ) તાજમહેલ વિશે સર્વજ્ઞભાઈ શું કહે છે?

[ઇ] **<u>નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો સવિસ્તર જવાબ લખો.</u>** (3)

(ક) ‘શરણાઈના સૂર’ પાઠને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.

(ખ) ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે ?

(ગ) સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે કુરિયને આપેલો ફાળો પાઠને આધારે વર્ણવો.

www.careerindia.com

**પ્ર.૫** **નીચે આપેલી પંક્તિઓ વાંચી આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.** (2)

**[અ]**

સૂર્ય તપતો હોય એનો મધ્યમાં ને તે છતાં
કોઈના ચરણોમાં ઝૂકયું હોય,તે બેસે અહીં.

હાથ પોતાનો ય બીજો જાણવા પામે નહીં
કીડિયારું એમ પૂર્યું હોય તે બેસે અહીં

(ક) સૂર્ય તપતો હોય એનો મધ્યમાં દ્વારા કવિ શું કહેવા માગે છે ?

(ખ) કવિ કઈ રીતે આપેલા દાનને ઉત્તમ દાન ગણે છે ?

**[ઇ]** **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ બે થી ત્રણ વાક્યોમાં લખો.** (2)

(ક) કવિ ક્યાં ચાલવાનું કહે છે? શા માટે?

(ખ) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ?

**[ઈ]** **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ એક-એક વાક્યમાં લખો.** (2)

(ક) 'હાથ મેળવીએ' કવિતાના કવિ કોણ છે?

(ખ) કડવા લીમડાની છાયા કેવી હોય છે ?

(ગ) જિંદગીની આગને શેમાં ફેરવી નાખવાની કવિએ વાત કરી છે?

(ઘ) કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે ?

---

www.careerindia.com